## વિભાગ A

*** નીચેના જોડકા યોગ્ય રીતે જોડી ફરીથી લખો :** [4]

| ઉક્તિ | પાત્ર |
|---|---|
| 1. 'હા બેટા, ચાલ, બહુ મોડું થઈ ગયું." | (અ) ડુંગર |
| 2. "બોડીને તાં વળી કાંહકી કેવી?" | (બ) આંબા પટેલ |
| 3. "આપણી બબલીની જ પગલી જાણે!" | (ક) ડુંગરની પત્ની |
| 4. "બાપ ઢેલ, તેં આજ જીવતરનાં દાન દીધાં છે." | (ડ) વિનુકાકા |
| | (ઈ) જીવલો |

**જવાબ :** (1-ડ), (2-ઈ), (3-ક), (4-બ)

*** નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

5. 'ભૂલી ગયા પછી' કૃતિ____________મૂળ સંગ્રહમાંથી લેવામાં આવી છે.
('કોઈવાર થાય કે', 'ત્રીજો પુરુષ', 'માનવીની ભવાઈ')

**જવાબ :** ત્રીજો પુરુષ

6. 'છત્રી' કૃતિમાં ભુલકણાપણામાંથી______________નિષ્પન્ન થાય છે.
(કરુણા, પ્રશંસા, નિર્દોષહાસ્ય)

**જવાબ :** નિર્દોષહાસ્ય

7. 'ડાંગવનો અને ...' કૃતિમાં લેખક કવિ_____________ને યાદ કરે છે.
(રાજેન્દ્ર શાહ, રાજેશ પટેલ, રાજેન્દ્ર શુક્લ)

**જવાબ :** રાજેન્દ્ર શુક્લ

8. વટપત્રમાં સૂતેલા ભગવાનના મોઢા પર __________________હાસ્ય હતું.
(મદનમોહન, ચૌદસોહન, ભુવનમોહન)

**જવાબ :** ભુવનમોહન

*** નીચે આપેલા પ્રશ્નોને એક વાક્યમાં ઉત્તર આપો.** [2]

9. હૉસ્પિટલની શોભામાં શાનાથી વધારો થઈ શકે?

**જવાબ :** હોસ્પિટલની શાનમાં હોસ્પિટલના મોટાભાગના ખાટલા ખાલી પડી હોવાથી વધારો થઈ શકે છે.

10. 'હિમાલયમાં એક સાહસ' કૃતિમાંથી શું પ્રગટ થાય છે?

**જવાબ :** સાહસ અને હિમાલય પ્રત્યેનો પ્રેમ પ્રગટ થાય છે.

*** નીચે આપેલા પ્રશ્નોનાં ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** [4]

11. વિરાટભાઈએ મનીષા અને નરેનની સગાઈની શા માટે ના પાડી?

**જવાબ :** વિરાટભાઈને ખબર હતી કે પોતાની પુત્રી દેખાડવી અને નમણી છે પરંતુ ડરપોક એટલી છે કે એક ગરોળી પણ ન પકડી શકે, જંગલમાં સિંહની એક ગર્જના સાંભળી મારી જશે તો નરેનને વિધુરનું જીવન જીવવું પડશે માટે.

12. લેખકે રાતા રંગના ચોપડાના બધાં જ પાનાં શા માટે ચીરી નાખ્યા?

**જવાબ :** જીવલાને ત્યાંથી પાછા ફરતાં લેખકે તેની પાસે એકાદ થેલી માગી ત્યારે જીવલાએ કહ્યું, 'બોડીને તાં વળી કાંહકી કેવી?' આ શબ્દો સાંભળીને લેખકને તે રાતે મોડે સુધી ઊંઘ ન આવી. એક બાજુ જીવલાનો પ્રેમ અને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. તેઓ જ શોષણખોર છે અને બોડી જેવી દુર્દશા કરનાર પણ પોતે જ છે એ ભાવ એમના મનમાં જાગ્યો. તેમના મનમાં મનોમંથન ચાલ્યું. જીવલાને ત્યાં તેઓ શીરો જમતા હતા ત્યારે તેના નાગડા અને ભૂખને લીધે પેટમાં ખાડા પડી ગયેલા નાના દીકરા લેખકની સામે ટીકીટીકીને જોતા હતા એ દૃશ્ય નજર સામે ખડું થયું. આ ગરીબ જીવલાના છોકરાના મોંમાંથી કોળિયો પોતે ઝૂંટવ્યો હોય એવું લેખકને લાગ્યું. આટલું ઓછું હોય તેમ બે થેલી ભરીને શાકભાજી લઈ આવ્યા. લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. અંતે તેમણે જીવલા પાસેથી જાણી લીધું કે તેણે ખરેખર કેટલું કરજ લીધેલું. આટલા વર્ષે વ્યાજનું વ્યાજ ચડીને ₹ 1500 લેણા નીકળતા હતા. અંતે જીવલાની કરુણ દશાથી દ્રવિત થયેલા લેખકે એ રાતા ચોપડાનાં બધાં પાનાં ફાડી નાખી તેને લેણાંમાંથી મુક્ત કર્યો.

13. ભગવદ્ ગીતા વિશે ગાંધીજીનો અભિપ્રાય જણાવો.

**જવાબ :** self

*** નીચે આપેલા પ્રશ્નોનાં દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

14. 'રેસનો ઘોડો' કૃતિને આધારે બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળો વિશે જણાવો.

**જવાબ :** 'રેસનો ઘોડો' વાર્તામાં સંજય-નીનાબહેનના પુત્ર અંકિત તેમજ વિનુકાકા-મંજુકાકીના પુત્ર સૌરભના શિક્ષણ-ઘડતરની વાત લેખકે સ-રસ કથાગૂંથણી દ્વારા સ્ફૂટ કરી આપી છે. વિનુકાકા પોતાના પુત્ર સૌરભની સાથે અંકિતને પણ રેસના ઘોડાની જેમ, શિક્ષણની સ્પર્ધાત્મક રેસમાં જોતરે છે. ખુદ મંજુકાકીને પણ અંદેશો છે કે એમના પતિની આક્રમકતા સૌરભના વ્યક્તિત્વને કુંઠિત કરી નાખશે. નીનાબહેન સિફતપૂર્વક અંકિતને પોતાની તરફ લઈને, એનું બાળપણ એને પાછું મળે એ માટે ઘટતું બધું જ કરે છે.

આમ, બે બાળકોના ઘડતર માટે લેખકે બે અલગ અલગ પરિબળો – પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. વિનુકાકા સૌરભને, રેસના ઘોડાની જેમ, એનાં સ્વતંત્રતા અને બાળપણને ભોગે, પોતાના વિચારો લાદીને ડૉક્ટર બનાવે છે. સૌરભ પાસે પૈસા છે, પણ મા-બાપ માટે પ્રેમ, સમય કે ફરજ નથી. બીજી બાજુ નીનાબહેન અંક્તિને, એનાં સ્વતંત્રતા અને બાળપણ આપીને, મા-બાપ તરીકે કરવું જોઈએ તે બધું જ કરે છે. તે સારો માણસ બને છે. પરિવાર સાથે રહે છે. પ્રેમ, સમય ને ફરજ બજાવીને કુટુંબ તેમજ સમાજને ઉપયોગી થાય છે. લેખકે વિનુભાઈના પાત્ર દ્વારા, બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળોનું નિરૂપણ નવલિકા સ્વરૂપે કર્યું છે.

15. 'ભૂખથીય ભૂંડી ભીખ' કૃતિના આધારે રાજુની મનોવ્યથા લખો.

**જવાબ :** દુકાળની ભીષણતાથી ગામનાં સૌ દુઃખી અને પરેશાન હતાં, પણ રાજુની મનોવ્યથામાં કરુણા અને લાચારી વિશેષ હતી. એક તરફ કાળુને સમજાવવાનો તો બીજી તરફ ગમે કે ન ગમે, પણ ભીખ માગવા જવાનું. એણે ટ્રો વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી, પણ "આ પરિસ્થિતિમાં ભીખ માગવામાં શરમ શાની?" એ કાળુને સમજાવવું તેને માટે મુશ્કેલ હતું. એ માટે તે કાળુ પાસે કરગરે છે. પોતાને કારણે કાળુ ભૂખે મારી જાય એ એનાથી જીરવાતું નથી. આથી "મનેય તમારે મારી નાખવી છે !" એમ કહીને કાળુને પોતાની સાથે આવવા મજબૂર કરે છે. રજુ પણ જાણે છે કે દોઢ પાશેર ખીચડી માટે? ધિક્ પડ્યો એ અવતાર ને ધિક્ પડ્યું એ જીવવુંય !" તથા "આપણું કપાળેય કાણું છે ને આ ખોબોય કણો નીકળ્યો." કાળુનો આ બબડાટ રાજુથી સહન થતો નથી, છતાં તે ચિડાઈને કાળુને ઠપકો આપતાં કહે છે : "ડાકણ ભૂખ નથી, પણ ડાકણ ચિંતા છે. માનવીનાં કાળજાંનને ખોતરી ખાય છે." કાળુના આ શબ્દો : "આપણાં ગુમાન અને આતમાનેય ઓગાળી નાખે છે, પાણી કરી દે છે." રાજુને બેચેન કરી મૂકે છે. કાળુને ધમકાવી, તેનું બાવડું ઝાલીને હડસેલતી 'છાનામાના ઘરે હેંડો' એમ કહેતી રાજુનો અવાજ ઢીલો પડી જાય છે. આમ, એક તરફ ભૂખની પીડા અને બીજી તરફ આ હાલતમાં કાળુને સાચવવાની ચિંતાથી ઘેરાયેલી રાજુની આ મનોવ્યથા ખરેખર હદયને વીંધી નાખે છે.

16. ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

**જવાબ :** આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાને ત્યાંથી પોતાને ઘેર જવા ઉપડ્યા. ચોમાસાના દિવસો હતા. વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આંબા પટેલ શેત્રુંજી નદી ઓળંગીને સામે પર કેમ જવું એની

વિમાસણમાં હતા. મામાને ત્યાં પાછા જવાય તેમ નહોતું અને ઘેર પહોંચ્યા વિના છૂટકો નહોતો, એમ વિચારીને આંબા પટેલે કેડ્ય બાંધીને ઘોડીને એડી મારી અને ઘોડી છલાંગ મારી શેત્રુંજી નદીમાં ખાબકી; પરંતુ નદીમાં પાણીનું વહેણ પુષ્કળ હતું. ઢેલ ઘોડી તો જેમતેમ કરીને કાંઠા સુધી પહોંચી ગઈ, પણ ઘોળીને જાણ થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે એટલે ઘોડી નસકોરાંફુલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને ધણીને શોધવા નીકળી. તે વખતે આંબા પટેલ પાણીમાં તણાતા હતા. તરવામાં તેમની એક પણ કારી ફાવતી નહોતી. ત્યાં તો સડસડાટ કરતી ઘોડી આંબા પટેલની નજીક પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલમાં હિંમત આવી અને સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યા. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી ઘોડી મહામુસીબતે નદીના કાંઠે આવી. આમ, જાતવાન ઘોડીએ પોતાના ધણીનો જીવ બચાવ્યો. ઢેલ ઘોડી જાતવાન હતી. ઘીડીએ સંકટ સમયે પોતાના ધણીને બચાવીને તેના પ્રત્યેની વફાદારી અને ખાનદાની દર્શાવી.

## વિભાગ B

*** નીચેના જોડકા યોગ્ય રીતે જોડી ફરીથી લખો :** **[4]**

| (અ) સાહિત્યકાર | (બ) સાહિત્ય કૃતિ |
|---|---|
| 17. વિનોદ જોશી | (અ) શીલવંત સાધુને |
| 18. રાવજી પટેલ | (બ) એક બપોરે |
| 19. જયંત પાઠક | (ક) હું એવો ગુજરાતી |
| 20. ગંગાસતી | (ડ) ચાંદલિયો |
| | (ઈ) વતનથી વિદાય થતાં |

**જવાબ :** (1-ક), (2-બ), (3-ઈ), (4-અ)

*** નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[4]**

21. ગંગાસતીએ ________________ને નજર સામે રાખી ભજનો રચ્યાં છે.
(મીરાંબાઈ, ડાલીબાઈ, પાનબાઈ)

**જવાબ :** પાનબાઈ

22. મોરલીના આભમાં______________ના નામનો મયંક ઊગે છે.
(રામ, શ્યામ, રાધા)

**જવાબ :** શ્યામ

23. વતનથી વિદાય થતાં કવિ વતન પ્રત્યેનો____________________અનુભવે છે.
(પમરાટ, ખટરાગ, તલસાટ)

**જવાબ :** તલસાટ

24. કુટુંબજીવનના સંબંધોનું મધુર ચિત્ર_________________કાવ્યમાં છે.
(એક બપોરે, ચાંદલિયો, શિકારીને)

**જવાબ :** ચાંદલિયો

*** નીચે આપેલા પ્રશ્નોને એક વાક્યમાં ઉત્તર આપો.** **[2]**

25. ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે?

**જવાબ :** ગરીબ સ્ત્રીની ચૂંદડી તેના કફન સુધી સાથે રહે છે.

26. કવિની દૃષ્ટિએ 'ભારવાળો મુગટ' એટલે શું?

**જવાબ :** કવિની દષ્ટિએ 'ભારવાળો મુગટ' એટલે જવાબદારીવાળો મુગટ.

*** નીચે આપેલા પ્રશ્નોનાં ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[4]**

27. પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે?

**જવાબ :** પક્ષીને પામવા કવિ કહે છે કે તેના પર તીર ચલાવવાનું નથી, પણ ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત (કલરવ) સાંભળવાનાં છે. તેનાથી પક્ષીના મધુર કલરવનું સૌંદર્ય માણવા મળશે. પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાંસ કરશે.

28. કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે?

**જવાબ :** આખું આકાશ ભલે રેલાઈ જાય. તેમના ગળા સુધી ઘાસ ભલે ઊગી જાય, અર્થાત્ જીવનના અંત સુધી કવિ મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે.

29. 'ચાંદલિયો' લોકગીતમાં કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

**જવાબ :** કાવ્યનાયિકા સખીને 'પોતાનો પતિ' એમ નહિ, પણ 'પરણ્યો મારો' એમ કહે છે. એમાં પતિ પ્રત્યેનાં મમત્વ, પ્રેમ, અધિકાર તેમજ ગૌરવ પ્રગટ થાય છે. પરણ્યો મારો સગી નણંદનો વીર જો.' આ શબ્દોમાં તેણે નણંદ પ્રત્યેનો આદર જાળવ્યો છે, તેનું ગૌરવ કર્યું છે. આમ, આ શબ્દોમાં તેણે ભાઈ-બહેનના મધુર સંબંધની પ્રશંસા કરી છે.

*** નીચે આપેલા પ્રશ્નોનાં દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

30. 'વૈષ્ણવજન' કૃતિને આધારે વૈષ્ણવજનનાં લક્ષણો વર્ણવો.

**જવાબ :** 'વૈષ્ણવજન'નો એક સામાન્ય અર્થ છે – વિષ્ણુ ભગવાનની નિત્ય ઉપાસના કરનાર, વિષ્ણુભક્ત. નરસિંહ મહેતાએ આ સામાન્ય સમજ ઉપરાંત વૈષ્ણવજનનાં અન્ય વિશેષ લક્ષણો દર્શાવીને, "વૈષ્ણવજન' શબ્દના અર્થને વિશાળ જીવનસંદર્ભો સાથે, પદ દ્વારા, નવો અર્થ આપ્યો.નરસિંહ મહેતાની દષ્ટિએ નીચેનાં લક્ષણો ધરાવનાર માનવી, સાચા અર્થમાં "વૈષ્ણવજન' જ છે:

સાચો વૈષ્ણવજન પરાઈ પીડાને આત્મસાત્ કરી, ભલાઈ દ્વારા એ પીડાને, સહેજ પણ અભિમાન લાવ્યા વિના, પવિત્ર ભાવથી દૂર કરવા પ્રયત્નશીલ રહે છે.તે નમ્ર હોય છે, સૌને વંદન કરે છે, સૌનો આદર પામે છે. કોઈ નિંદા કરે તો ડરતો નથી, પણ પોતે કોઈની નિંદા કરતો નથી. મન-વચન તેમજ કર્મમાં કશો વિરોધાભાસ હોતો નથી, એ જ એનું સાચું ચારિત્ર્ય છે.

કવિ આવા વૈષ્ણવજનની માતાના જીવનને ધન્ય માને છે.એ વૈષ્ણવ સાચો છે, જે સમાન દષ્ટિથી સૌને જુએ છે, એને મન કોઈ મોટો નથી, કોઈ નાનો નથી. જે ઇચ્છા કે કામના સૌને દુઃખી કરે છે, એનો એણે ત્યાગ કર્યો છે. પરસ્ત્રીને માતા સમાન ગણે છે.સાચું બોલે છે, સાચું જીવે છે. સાચાને સાથ આપે છે. મહેનતનું ખાય છે, બીજાની મહેનતનું, પારકું ધન, એને માટે ત્યાજ્ય છે. એને હાથ અડાડતો નથી.એને મોહમાયા સ્પર્શતાં નથી; એથી એ પર હોય છે. એનું જીવન જલકમલવત્ હોય છે.

અંતરમાં દઢ વૈરાગ્ય હોય છે. ચિત્ત રામનામની ધૂનમાં તન્મય હોય છે. નિર્લોભી, નિષ્કપટી અને નિર્મળ હોય છે. કામક્રોધ ઉપર એનો કાબૂ હોય છે.

31. 'દીકરી' કાવ્યને આધારે દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

**જવાબ :** દીકરી પારકું ધન નથી કે પારકી થાપણ નથી, દીકરી તો તુલસીનો ક્યારો છે. તે તુલસી જેવી પવિત્ર છે. જેમ તુલસીને રોજ પૂરતું પાણી સિંચીએ તેમ દીકરીમાં સારા સંસ્કાર સિંચવા જોઇએ, જેવી તે જ્યાં જાય ત્યાં પોતાની મીઠી-મધુરી વાણીથી સૌનાં દિલ જીતી શકે. તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે તમામ તક આપવી જોઈએ.

32. 'બોલીએનાં કાઈ' કાવ્યમાં કવિ આપણને શો જીવનબોધ આપે છે?

**જવાબ :**

- 'બોલીએ નાં કાઈ' કાવ્યમાં કવિ માણસને જીવનબોધ આપતાં કહે છે કે જીવનમાં દુઃખ કે સંઘર્ષ તો આવવાનાં જ. એમને માણસે એકલા જ સહન કરવાં, કેમ કે સમાજમાં એવા લોકો હોય છે જેમને માણસની વ્યથા જાણવામાં જ રસ હોય છે. એટલે એની આગળ વ્યથા કહેવાથી કોઈ અર્થ સરતો નથી. નિર્જન માર્ગ હોય કે સૂની સીમ હોય પણ માણસે તો પોતાનું ગાન ગાતાં ચાલવાનું છે. ગામને પાદર લાખો લોકોનો સમૂહ ભેગો થયો હોય ત્યારે સૌ પોતપોતાની ધૂનમાં હોય છે. તારામઢી અંધારી રાત હિય કે રણનો ભયંકર તાપ હોય, અર્થાત્ ગમે તેવી પરિસ્થિતિ હોય માણસે પોતાની વ્યથા એકલા જ સહન કરવાની હોય છે. હૈયામાં દુઃખનો ગમે તેટલો અગ્નિ સળગતો હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની હોય છે.

## વિભાગ C

*** માગ્યા પ્રમાણે ઉત્તર લખો :** **[20]**

33. **નીચેના શબ્દોની સાચી જોડણી શોધી ને લખો:** **[1]**

I. સન્નીધી (સન્નીધિ, સંન્નિધિ, સન્નિધિ)

**જવાબ :** સન્નિધિ

II. કીડીયારુ (કિડિયારુ, કિડિયારું, કીડિયારું)

**જવાબ :** કીડિયારું

*** સાચી સંધિ લખો:** **[1]**

34. "ચાતુર્માસ' શબ્દની સાચી સંધિ છોડો.
(ચતુ + માસ, ચાતુ: + માસ, ચાતુ + માસ)

**જવાબ :** ચાતુ: + માસ

*** નીચેના શબ્દોનો સમાસ ઓળખવો:** **[1]**

35. તેજપુંજ (દ્વન્દ્વ, સમાસ, તત્પુરુષ સમાસ, મધ્યમપદલોપી સમાસ)

**જવાબ :** તત્પુરુષ

*** બંને શબ્દોનાં જોડણીભેદ થતો અર્થભેદ જણાવો:** **[1]**

36. સૂર (વેદ, નાદ, દેવ) સુર (દેવ, ગંધર્વ, દાનવ)

**જવાબ :** સૂર - નાદ
સુર - દેવ

*** નીચેના વાક્યોમાં અલંકારનો પ્રકાર જણાવો:** **[1]**

37. 'ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી." વાક્યમાંનો અલંકારનો પ્રકાર જણાવો.
(યમક, વ્યતિરેક, રૂપક)

**જવાબ :** self

*** યોગ્ય પ્રત્યય ઓળખવો:** **[1]**

38. 'સુરક્ષિત' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે તે જણાવો.
(પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એકપણ નહીં)

**જવાબ :** પર પ્રત્યય

39. **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો:** **[1]**

I. સાંજ (શણગાર, શમણું, સંધ્યા)

**જવાબ :** સંધ્યા

II. ઓથ (વિહાર, સહારો, પ્રહર)

**જવાબ :** સહારો

*** નીચેની સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાથી સાચો વિકલ્પ શોધી ને લખો:** **[1]**

40. 'કંચન' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો.
(જાતિવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા)

**જવાબ :** દ્રવ્યવાચક સંજ્ઞા

*** નીચેના રૂઢીપ્રયોગનો અર્થ આપો:** **[1]**

41. દાવપેચ રમવા

**જવાબ :** યુક્તિ-પ્રયુક્તિ કરવી વાક્ય : પોતાનું ધાર્યું કરવા ઘણા લોકો ઘરઘરમાં દાવપેચ રમીને ઘર ખોતા હોય છે.

* **નીચે આપેલી કહેવતનો અર્થ લખો:** **[1]**

42. બાંધી મૂઠી લાખની

**જવાબ :** જયાં સુધી ઘરની વાત બહાર જાય નહિ ત્યાં સુધી આબરૂ સચવાય.

* **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો:** **[1]**

43. શબને ઓઢાડવાનું લૂગડું

**જવાબ :** કફન

* **નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો:** **[1]**

44. શ્યામ

**જવાબ :** શ્વેત

* **કર્તરિ / કર્મણિ વાક્યમાં ફેરવો:** **[1]**

45. જશોદામૈયાથી કૃષ્ણકુંવરને શણગારાયા.

**જવાબ :** જશોદામૈયાએ  કૃષ્ણકુંવરને શણગાર્યા.

* **નીચેના તળપદા શબ્દોનું શિષ્ટરૂપ લખો:** **[1]**

46. ખોભણ

**જવાબ :** ગુફા

* **નીચેના વાક્યો માથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો:** **[1]**

47. તીર્થ થોડાં ડગલાં આગળ ચાલ્યો.

**જવાબ :** માત્રાસૂચક વિશેષણ

* **નીચેના વાક્યો માથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો:** **[1]**

48. તે ઘર કદી ન જઈએ કંચન વરસે મેહ.

**જવાબ :** સમયવાચક / સમયદર્શક

* **શબ્દોના ધ્વનિ ઘટકો છૂટા પાડો:** **[1]**

49. સૌન્દર્ય

**જવાબ :** સ્ + ઔ + ન્ + દ્ + અ + ર્ + ય્ + અ

* **નીચેના વક્યોની પ્રેરક / ભાવે વાક્ય રચના બનાવો:** **[1]**

50. આપણે પ્રેમશૌર્યનું ગીત ગાઈએ.

**જવાબ :** આપણે પ્રેમશૌર્યનું ગીત ગવડાવીએ.

* **નીચેની પંક્તિનો છંદ ઓળખાવો** **[1]**

51. ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

**જવાબ :** દોહરો છંદ

* **છંદનું બંધારણ જણાવો:** **[1]**

52. 'યમનસભલગા' કયા છંદનું બંધારણ છે ?

**જવાબ :** શિખરિણી

## વિભાગ D

* **નીચે આપેલી પંક્તિઓનો આશરે 15 વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** **[4]**

53. ત્રણ વાનાં મુજને મળ્યાં :
હૈયું, મસ્તક ને હાથ,
જા, ચોથું નથી માગવું.
બહુ દઈ દીધું નાથ !"

**જવાબ :** પ્રસ્તુત પંક્તિઓ મનુષ્યની મર્દાનગી દર્શાવે છે. એમાં સંતોષી માનવીની ભાવના પ્રગટ થઈ છે. ઈશ્વરે મનુષ્યને મુખ્ય ત્રણ અંગ - હૃદય, મસ્તક અને હાથ આપ્યાં છે. માનવીને ખુમારીપૂર્વક જીવન જીવવા માટે આ અંગો પર્યાપ્ત છે. આથી વિશેષ કાંઈ પણ પ્રભુ પાસે માગવાની જરૂર રહેતી નથી. ઈશ્વરે માનવીને સંવેદનશીલ હૈયું આપ્યું, મસ્તક (મગજ - બુદ્ધિ) આપ્યું અને મનના સકારાત્મક વિચારોને અમલમાં મૂકવા માટે મજબૂત હાથ આપ્યા. હૈયામાં લાગણી, પ્રેમ અને કામ કરવાની લગન હોય, મસ્તકમાં સકારાત્મક વિચારો આવતા હોય અને હાથ દ્વારા પરિશ્રમ કરવાની વૃત્તિ હોય તો માનવી દુનિયામાં કોઈ પણ કામ આત્મવિશ્વાસ અને દઢ નિષ્ઠાથી પાર પાડી શકે છે. ભગવાને આ ત્રણ અંગો આપીને જાણે દુનિયાનું સુખ ખોબે ખોબે આપી દીધું છે. આ પંક્તિમાં એનો પરમ સંતોષ પ્રગટ કર્યો છે. આથી ખુમારીપૂર્વક કહે છે, જા, ચોથું નથી માગવું.

અથવા

*

"શમે ના વેર વેરથી,
ટળે ના પાપ પાપથી;
ઔષધ સર્વ દુઃખોનું,
મૈત્રીભાવ સનાતન."

**જવાબ :** self

* **અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો.** **[4]**

54. અતિવૃષ્ટિને કારણે સર્જાયેલી તારાજી અને જાનહાનિનો અહેવાલ આશરે એકસો(100)શબ્દોમાં લખો.`

**જવાબ :** સ્વપ્રયત્ન

* **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **[4]**

55. મનુષ્યનું જીવન તેના વિચારોથી જ ઘડાય છે, તેનાં વલણો અને ભાવનાઓથી જ સર્જાય છે. જીવનમાં દરેક વ્યક્તિએ ઊંચું ધ્યેય રાખવાનું છે, રંગીન સ્વપ્નો જોવાનાં છે અને તેને સાકાર કરવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ. ઊંચા ધ્યેયો અને તેને હાંસલ કરવા માટેનો સતત પુરુષાર્થ જ વ્યક્તિને પ્રગતિની પરાકાષ્ઠાએ કે શિખરે પહોંચાડી શકે છે; પરંતુ ઘણા માણસો નિષ્ફળ જવાના કાલ્પનિક ભયથી જ કે પછી ડરપોકપણાના કારણથી સામાન્ય પ્રકારનાં કાર્યોમાં જીવન વેડફી નાખે છે. તેઓ કઈ રીતે પ્રગતિ સાધી શકે? આને લીધે જીવનમાં મળેલી અમૂલ્ય તકી પણા વેડફાઈ જાય! ઈશ્વરે માનવને બળ, બુદ્ધિ અને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. આથી હવે તેનો ઉપયોગ કયાં, કેવો અને કેટલો કરવો, તે વ્યક્તિએ પોતે વિચાવાનું છે. જો વ્યક્તિ ઊંચાં જ નિશાન રાખે તો પર્વતની ટોચ હોય કે સાગરનું તળિયું હોય - એ સર્વ તેના હાથવેંતમાં જ હોય છે. અંગ્રેજીમાં પણા કહેવાય છે: 'Think Globally but act Locally' અર્થાત્ કદાચ ભલે નિષ્ફળ જવાય, પણ તમારું નિશાન કે ધ્યેય તો હરહંમેશ ઊંચું જ રાખો, રાખવું જ રહ્યું.

**જવાબ :** સ્વપ્રયત્ન

*** ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]**

56. માતૃભાષાનું મહત્ત્વ

મુદ્દા – પ્રસ્તાવના – ભાષાનોલીઓની વિવિધતા – માતૃભાષા શીખવા માટેનું પ્રથમ સોપાન – શિક્ષણમાં માતૃભાષાનું મહત્વ – - માતૃભાષાને અપાતું પ્રોત્સાહન – તમારી નજરે માતૃભાષા - ઉપસંહાર.

**જવાબ :** સ્વપ્રયત્ન

અથવા

*

નારાયણી સ્વરૂપા નારી તું...

[મુદ્દા: 1. પરતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે અટવાતું નારીજીવન 2. ભારતમાં સ્ત્રીઓની ચડતી-પડતીનો ઈતિહાસ 3. ભારતમાં સ્ત્રી-શક્તિની જાગૃતિ 4. પશ્ચિમી કરણના નામે ફેલાતાં અનિષ્ટો 5. ભારતની નારી નારાયણી બને!]

**જવાબ :**

- ‘યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા:’આ ભાવનાથી ભારતમાં સદીઓ પૂર્વે સ્ત્રી - સન્માનનો આદર્શમૂર્તિમંત બન્યો, હતો. સતીઓ, સન્નારીઓ અને સાધ્વીઓનો એક જ્વલંત ઇતિહાસ ભારતે જગતને પૂરો પાડ્યો છે. વેદ-ઉપનિષદ કાળમાં સ્ત્રી-પુરુષનો સમાન દરજ્જો હતો; એટલું જ નહિ, ગાર્ગી અને લોપામુદ્રા જેવીવિદુષીઓએ સ્ત્રીશક્તિના પ્રભાવને પૂર્ણ કળાએ પ્રગટાવ્યો હતો. બુદ્ધકાળમાં અને વિશેષ કરીને જૈનકાળમાં તોસ્ત્રી પુરુષની બરાબરીના નાતે આધ્યાત્મિક અધિકાર પણ પામી હતી.
- પરંતુ ત્યાર પછી ભારતમાં સ્ત્રીઓની અવનતિનો પ્રારંભ થયો અને એટલી હદ સુધી પહોંચ્યો કે મધ્યયુગમાં
- સ્ત્રી એક ‘વસ્તુ’મનાવા લાગી. સ્ત્રી એ ઉપભોગની, અપહરણ કરીને ઉઠાવી જવાની કે સમજાવી – ફોસલાવીનેભગાડી જવાની ‘વસ્તુ’ છે એ માન્યતાએ સ્ત્રીઓને ગુલામીના ખપ્પરમાં હોમી દીધી. સ્ત્રીઓના (કુંવારીકન્યાઓના) સોદા થવા લાગ્યા અને ‘લોહીનો વેપાર’ કરતી ટોળકીનો ક્રૂર પંજો સ્ત્રીઓની સ્વતંત્રતા પર પડતાં.રૂપાળી દીકરીઓ માટે આબરૂભેર, નિશ્ચિતપણે જીવવું દોહ્યલું બની ગયું. દીકરીઓનાં માબાપોની ઊંઘ હરામ થઈગઈ.
- ‘સ્ત્રી અને પુરુષ એ તો સંસારરૂપી રથનાં બે પૈડાં છે’એ મહાન આદર્શની વાતો કરનારા ભારત દેશમાંહજી આજે એકવીસમી સદીના પ્રથમ દાયકામાં પણ સ્ત્રીઓની દયાજનક હાલતમાં સાર્વત્રિક સુધારો થયો નથી.
- લાખો સ્ત્રીઓ હજુ આજે પણ ઘરની ચાર દીવાલો વચ્ચે, નિરક્ષરતા અને અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અટવાઈનેપશુવત્ જીવન જીવી રહી છે. તેમ છતાં, ભારતીય સ્ત્રીઓની સ્થિતિમાં થોડો ઘણો પણ જે સુધારો જોવા મળે છેતેનો યશ મહાત્મા ગાંધીજીને ફાળે જાય છે. ભારતની સ્ત્રીઓને સમાનતા, સાક્ષરતા અને સ્વતંત્રતા બક્ષવા તેમણેનોંધપાત્ર પ્રયત્નો કર્યા, સ્વાતંત્ર્ય ચળવળના એક ભાગ રૂપે, સ્ત્રી-જાગૃતિના જે રચનાત્મક કાર્યક્રમો ગાંધીજીનીરાહબરી હેઠળ શરૂ થયા તેના પરિણામે, સ્ત્રીઓ ફરી પાછી જાહેરજીવનમાં સ્થાન પામી. રમાબાઈ રાનડે અનેદાદા કર્વે જેવાના પ્રતાપે ભારતની સ્ત્રીઓ પોતાના પગ પર ઊભા રહેવા જેટલી સ્વતંત્ર બની.
- પરંતુ આજે ભારતના નારીસમાજ સમક્ષ સૌથી મોટો કોયડો એ ઊભો થયો છે કે બંધારણ દ્વારા જે મૂળભૂતહક્ક પ્રાપ્ત થયો છે તેને અનુરૂપ કેવી રીતે બનવું ? એક બાજુ, સ્ત્રી-જાગૃતિની જ્યોત ઝળહળતી રાખવી ને બીજીબાજુ, સ્વતંત્રતા સ્વછંદતામાં પલટાઈ રહી છે અને કેવી રીતે નાથવી ? આજે, ભારતનાં મહાનગરોમાં નોકરીકરતી અને કોલેજોમાં ભણતી શિક્ષિત નારીઓએ લાજ મર્યાદાની ‘લક્ષ્મણરેખા’ ઓળંગી દીધી છે એવી ફરિયાદઊઠી છે. પશ્ચિમના રંગે રંગાઈને અને ફેશનનું આંધળું અનુકરણ કરીને ભારતની નારી, ક્લબોમાં ઘૂમતી થઈ છેઅને ડાન્સના રવાડે ચડી છે.પરિણામે સંયુક્ત કુટુમ્બની ભાવના છિન્નભિન્ન થઈ રહી છે. દામ્પત્યજીવનને વહેમઅને શંકાનો લુણો લાગ્યો છે. સૌંદર્ય પ્રસાધનોની કૃત્રિમતા હેઠળ ભારતીય નારીનું કુદરતી સૌંદર્ય ઝંખવાયું છેઅને પરિણામે અનેક સામાજિક અનિષ્ટો ફૂલીફાલી રહ્યાં છે.
- ભારતીય નારી સાચા અર્થમાં ‘નારાયણી’ બને, પુરુષ સમોવડી બને અને આદર્શ માતા બને એમાં જ, એની
- એકલીનું નહિ આખા સમાજનું ને રાષ્ટ્રનું કલ્યાણ સમાયેલું છે. ભારતને પોતાની આગવી, અનન્ય અને અનોખીસંસ્કૃતિનો વારસો પરાપૂર્વથી મળેલો છે. આ ભારતીય સંસ્કૃતિના ભોગે આ દેશની નારી જે કાંઈ

કરશે-વિચારશેતે ચાલુ પેઢીને અને ભાવિ વારસદારોને અનહદ નુકસાન કરનારું જ હશે એમાં કોઈ શંકા નથી. ભારતની નારી,માતૃત્વના મહામૂલા સંસ્કારોનું જતન કરવાની જવાબદારીમાંથી છટકી જઈને, જો સિદ્ધિના સર્વોત્તમ શિખરો સરકરવા જશે તો સદીઓ પુરાણી જ્વલંત ભારતીય સંસ્કૃતિની ઘોર ખોદાશે એ વાત કદી-કદાપિ ભૂલવા જેવી નથી.

અથવા

* વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવોમુદ્દા : પ્રસ્તાવના – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષાના - પ્રશ્નો – પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ અને ઉપસંહાર

**જવાબ :** આઝાદી પછીનાં 50 વર્ષ દરમિયાન ભારતની વસ્તી 36 કરોડમાંથી વધીને 102 કરોડ થઈ ગઈ છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક સમસ્યાઓ સર્જાઈ છે. જંગલોનો વિનાશ કર્યો અને ત્યાં સિમેન્ટ, કોંક્રીટનાં જંગલો ઊભા કર્યા. આથી હવા પાણી અને અવાજનાં પ્રદૂષણ વધ્યાં છે. માનવજીવન ભયમાં મુકાઈ ગયું છે. પ્રદૂષણને નિવારવાના અનેક ઉપાયોમાંનો એક મહત્ત્વનો ઉપાય એટલે વૃક્ષારોપસ અને વૃક્ષોનો છે. વૃક્ષો વાવો, જીવન બચાવો.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં લીલાં પાંદડાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષો વાદળાને ઠંડાં પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓં વિશ્રામ કરે છે તેમજ બાળકો રખે છે. વૃક્ષો ધરતીની શોભા વધારે છે, વૃક્ષો વિનાની ધરતી કેશ વિનાના મસ્તક જેવી ઉજ્જડ લાગે છે.

વૃક્ષો આપણને રંગબેરંગી ફૂલો તથા જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું વાળ થતું અટકાવે છે. પૃથ્વી ઇમારતી લાકડું અને બળતણ આપે છે. કેટલાંય વર્ષોનાં મૂળિયાં અને પાાં ઔષધિ તરીકે વપરાય છે.

કેટલાંક વર્ષો પૂર્વે આપણા દેશમાં પણ ગાઢ જંગલો હતાં. એ જંગલોમાં અનેક જંગલી પશુઓં વસવાટ કરતાં હતાં. જંગલોથી એ પશુઓનું અને એ પાઓથી જંગલોનું રક્ષણ થતું. જંગલોથી વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ વરસાદ વરસતો. આમ, જંગલો આપણા માટે આશીર્વાદરૂપ હતાં. પરંતુ આપણા દેશમાં વસ્તીનો સતત વધારો થતાં વસાહતો, કારખાનાં, સડો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત વધતી ગઈ. વળી, બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે લાકડાંની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયાં. પરિણામે જંગલોનો વિસ્તાર પી ગયો. ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. જેટલાં વૃક્ષો કપાયાં તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ. પરિણામે વરસાદનું પ્રમાણ પણ સતત ઘટતું રહ્યું. ભૂગર્ભજળનું સ્તર સતત નીચું જઈ રહ્યું છે. પરિણામે વાતાવરણમાં પ્રદૂષણ વધતું જ જાય છે.

આજે આપણને વર્ષોનું મહત્ત્વ સમજાયું છે. સાથેસાથે આપણામાં વસ્તીવિસ્ફોટ પર અંકુશ રાખવાની સભાનતા પણ આવી છે. આથી આપણે કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યા છે ‘વૃક્ષો વાવો, જીવન બચાવો', 'વૃક્ષ જતન, આબાદ વતન', ‘એક બાળક, એક ઝાડ' વગેરે. આ બધાં સૂત્રો દ્વારા વૃક્ષોનો મિહમા સૂચવાયો છે.

5મી જૂન વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઊજવાય છે, તે દિવસે વૃક્ષો અને પર્યાવરાના રક્ષણ માટેના ઉપાયોની ચર્ચાવિચારણા થાય છે. તેમાંય વૃક્ષારોપણને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. આપણા દેશમાં વર્ષાઋતુ દરમિયાન વનમહોત્સવ પણ ઊજવાય છે. તે વખતે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બન્ને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનોમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેમનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમો યોજવાથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી શકાશે. એના લીધે સૃષ્ટિસૌંદર્યમાં પણ વધારો થશે. વળી, આપણા આજના જટિલ પ્રશ્નો – હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણને પણ htt દૂર કરી શકાશે. વૃક્ષો આપણને સંતની જેમ પરોપકારી થવાનો બોધ આપે છે. આપણે વધુ ને વધુ વૃક્ષો ઉગાડીને પ્રદૂષણને ઘટાડવાનું એટલે કે આપણા પોતાના હિતનું અને પરીપકારનું કામ કરીએ. વૃક્ષો ઉગાડીને આપણી ધરતીમાતાએ આપણા પર કરેલા અનેક ઉપકારોનો બદલો વાળી શકીશું.

----- -----